



## પાલનપુર - ડીસા હાઇવે ઉપર વરસાદી ઝાપટું

બનાસકાંઠા જિલ્લામાં જેઠ મહિનો આકરો તપી રહ્યો છે સવાર બાદથી જ સૂરજદાદા આગ ઓકવા લાગે છે તેથી કાળઝાળ ગરમીથી જનજીવન અને પશુ પંખી જીવો આકુળવ્યાકુળ થઈ ઉઠ્યા છે ત્યાં નિસર્ગ વાવાઝોડાનો ખતરો ટળી ગયો હતો પણ કાતિલ ગરમીથી વહેલા વરસાદની આગાહી થવા લાગી હતી જેના પગલે આખા દિવસના ઉકળાટ બાદ બપોરના સુમારે હવામાન પલટાતા આકાશમાં વાદળા ગોરંભાયા હતા અને તેજ પવન સાથે પાલનપુર - ડીસા હાઈવે ઉપર વરસાદી ઝાપટું પડ્યું હતું તેથી વાતાવરણ ઠંડુ બનતા આમપ્રજાએ હાશકારો અનુભવ્યો હતો પરંતુ ખેતરોમાં વાઢેલી પડેલી બાજરી પલળી જતા ખેડૂતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. જો કે હવામાનમાં એકાએક પલટા સાથે પ્રિ- મોન્સૂન એક્ટિવિટી સતેજ થતા હવામાન વિભાગે વહેલા વરસાદની આગાહી કરી છે.

## આંજણા યુવક મંડળ ગુજરાતના સહયોગથી કોરોના સામે ઉપયોગી દવાનું વિતરણ

આંજણા યુવક મંડળ ગુજરાત ધ્વારા અરવલ્લી જિલ્લા ના શિણોલ તથા વડાગામ જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં કોવિડ-૧૯ ની સામે ઉપયોગી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉક્ટર દુર્ગેશ નવીનભાઈ પટેલ સાઈ ક્લિનિક સામખીયાળી નવી સિણોલ દ્વારા સિણોલ તેમજ વડાગામ જિલ્લા પંચાયત સીટ વિસ્તારમાં આર્સેનિક આલ્બમ ૩૦ હોમિયોપેથીક દવા જે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રમાણિત કરેલી દવા છે જે કોવિડ-૧૯ કોરોના સામે ઈમ્યુનિટી પાવર વધારવા માટે ખૂબજ ઉપયોગી છે. આ દવાનું ઘરે ઘરે જઈ નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનમા આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યના પ્રમુખ ચિરાગભાઈ પટેલે સાથ અને સહયોગ આપ્યો હતો.





## ખેડબ્રહ્મા શહેરમાં ઝાપટાંએ ખોલી ડીઝાસ્ટર મેનેજમેન્ટની પોલ

ખેડબ્રહ્મા શીતલ ચોક પાસે આવેલ શૌચાલય પાછળની પાર્કીંગ વાસણા રોડ આસપાસ વિસ્તારમાં પાણી ભરાયા હતા. ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં મીની વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદથી માણેક ચોકમાં આવેલા શુલશૌચાલય પાછળ પાર્કીંગની વાસણારોડ શેરીઓના નાકા પર વરસાદી પાણી ભરાવવાથી નાજુક સ્થિતિ સર્જાઈ છે. પાણીનો નિકાલ ન થવાના કારણે ગટર અને વરસાદી પાણી આવક થતા લોકો પરેશાન બન્યા છે. જ્યારે વાસણા રોડ ઉપર નગરપાલિકાના કામો બાકી હોવાથી રસ્તાઓ પર અવર-જવરમાં મુશ્કેલી ઉભી થવાં પામી હતી. ખેડબ્રહ્મા અહીના સ્થાનિક લોકોના કહેવા મુજબ નગરપાલિકા દ્વારા પ્રિમોન્સુન કામગીરી સમયસર ન થવાના કારણે ગટરમાં વરસાદી પાણીનો નિકાલ થતો નથી, ગટરો કચરાથી આખી ભરેલી છે જેથી લોકોના ઘરોમાં પાણી ઘુસી જાય તેમ સ્થિતી બની શકે છે હજુ તો ચોમાસાની શરૂઆત છે જયારે વરસાદ વધુ પડશે તો અહી વિકટ પરિસ્થિતિ દર વર્ષે સર્જાય છે તો આ વર્ષે સમયસર આ વિસ્તારની સમસ્યાનો ઉકેલ લાવવા માગણી કરવામાં આવી રહી છે.

## વિજયનગરની પોળોમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર તરીકે ઓળખાતા વિજયનગરના પોળો જંગલમાં આવેલ એક ધાર્મીક સ્થળ પાસે મંગળવારે જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમતા પાંચ જુગારીયાઓને વિજયનગર પોલીસે ઝડપી લઈ જુગારધારા એકટ હેઠળ કાર્યવાહી કરી હતી. પોલીસે અંદાજે રૂા.૫૩,૬૦૦ ના મુદ્દામાલ સાથે પાંચેય જુગારીયાઓની અટકાયત કરી તેમની વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાવ્યો હતો.

મંગળવારે પોળોના જંગલમાં આવેલ એક દરગાહ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાનાનો જુગાર રમી રહ્યા છે તે આધારે પોલીસે સ્ટાફ સાથે દરોડો પાડીને ગંજીપાનાનો જુગાર રમતા પાંચ જુગારીઓને કોર્ડન કરીને ઝડપી લીધા હતા.

# મહેસાણા જિલ્લામાં વધુ ચાર કેસ

મહેસાણા

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૦૩ જુન સુધી ૧૬૫૫ સેમ્પલ લેવામાં આવેલ હતા.જેમાંથી ૧૪૨૪ સેમ્પલ નેગેટીવ આવેલ છે.બુધવારે મહેસાણા જિલ્લામાંથી ૩૩ સેમ્પલના પરીણામ આવ્યા હતા જેમાંથી ૩૨ સેમ્પલના પરીણામ નેગેટીવ અને ૦૧ સેમ્પલનું પરીણામ પોઝીટવ આવેલ છે.આ ઉપરાંત અન્ય જિલ્લામાંથી લેવાયેલ ૦૩ સેમ્પલના પરીણામ પોઝીટીવ આવેલ છે.

મહેસાણા જિલ્લામાં એક્ટીવ કેસ ૩૧ છે અને જિલ્લાના ૮૩ દર્દીઓને કોરોને પરાસ્ત કરેલ છે જેઓને રજા આપેલ છે.મહેસાણા જિલ્લામાં વડનગર જી.એમ.ઈ.આર.એસ સારવાર લેતા દર્દીએ કોરાનાને મહાત આપતાં તેઓને રજા આપવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં લેવાયેલ ૧૧૭ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે.

આજે બુધવારે (૧) મહેસાણા જિલ્લામાં ૩૦ વર્ષીય જયેશકુમાર કડીયા જેઓ સાર્વજનિક હોસ્પિટલ સામે ગોઝારીયા ખાતે રહે છે. જેમની હિસ્ટ્રી SARI (Severe Acute Respiratroy Infection) (ગંભીર તીવ્ર શ્ર્વસન ચેપ) છે. જેઓને સાંઈ ક્રિષ્ણા હોસ્પિટલ ખાતે દાખલ કરેલ છે. આ ઉપરાંત (૨) સૌરભ કાન્તીલાલ પટેલ જેઓ ૩૩ વર્ષીય પુરૂષ છે જેઓ એ-૫૫ ધરતી સીટી કડી ખાતે રહે છે અને વડસર ખાતે નોકરી કરે છે. જેમની હિસ્ટ્રી SARI (Severe Acute Respiratroy Infection) (ગંભીર તીવ્ર શ્ર્વસન ચેપ) છે જેઓને જી.એમ. ઈ. આર.એસ ગાંધીનગર ખાતે દાખલ કરેલ છે.(૩) બળદેવભાઈ શંકરદાસ પટેલ જેઓ ૫૦ વર્ષીય છે જ તેઓ જલધારા સોસાયટી કુંડાળ ખાતે રહે છે તેઓની હિસ્ટ્રી SARI (Severe Acute Respiratroy Infection) (ગંભીર તીવ્ર શ્ર્વસન ચેપ) છે જેઓને સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે રહે છે (૪) સંજીવ એમ રોય જેઓ ૨૬ વર્ષીય પુરૂષ છે જેઓ એશિયા બ્લક પ્રા,લી ઈરાણા રોડ કડી ખાતે રહે છે. જેઓની હિસ્ટ્રી SARI (Severe Acute Respiratroy Infection) (ગંભીર તીવ્ર શ્ર્વસન ચેપ) છે જેઓને જી.એમ.ઈ. આર.એસ ગાંધીનગર ખાતે દાખલ કરેલ છે.

## પાલનપુરમાં કોરોનાના શંકાસ્પદ દર્દીના મોત બાદ મૃતદેહ સ્મશાન બહાર બે કલાક રઝળ્યો

### મામલતદાર, આરોગ્ય તેમજ પોલીસના કર્મચારીઓને મૃતદેહ સાથે સ્મશાનનું તાળું ખોલવા માટે રાહ જોવી પડી : તંત્ર દ્વારા સમજાવટને અંતે મૃતકના અગ્નિ સંસ્કાર કરાયા

પાલનપુર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો શંકાસ્પદ દર્દી સારવાર લઈ રહ્યો હતો. દરમિયાન તેનું આજે મોત નિપજતાં તેના મૃતદેહને અંતિમવિધિ માટે સ્મશાન ખાતે લઈ જવાયો હતો. જો કે સ્મશાન બંધ હોઈ અને કોરોનાના શંકાસ્પદ દર્દી તરીકે સારવાર લઈ રહ્યો હતો. જેના મોત બાદ આજે સ્મશાન ખાતે અંતિમવિધિ માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે ત્યાં તેનો મૃતદેહ અંતિમ સંસ્કાર માટે પણ રઝળ્યો હતી. આ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર



દરવાજો ખોલવા માટે કોઈ તૈયાર ન હોવાથી નાયબ મામલતદાર,આરોગ્ય તેમજ પોલીસના જવાનોને મૃતદેહ સાથે સ્મશાનના દરવાજાની બહાર જ તાળું ખોલવાની રાહ જોઈ બેસી રહેવું પડ્યું હતું અને બે કલાક જેટલા સમય સુધી મૃતદેહ રઝળ્યો હતો. બાદમાં મૃતકના અગ્નિ સંસ્કાર કરાયા હતા.

સમગ્ર રાજયમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારી દરમિયાન જાણે માનવતા પણ મરી પરવારી હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. તેમાં કોરોનાના શંકાસ્પદ દર્દીઓને સ્મશાનમાં પણ અંતિમવિધિ કરવા માટે આનાકાની કરવામાં આવી રહી હોવાની રાવ ઉઠવા પામી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મૂળ સંચોરના અને હાલ વ્યવસાય અર્થે પાલનપુર રહેતો યુવક મૂળ રાજસ્થાનના સાચોર નો વતની અને પાલનપુરમાં ધંધાર્થે રહેતા આ વ્યક્તિને કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતાં પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અને તેનો રિપોર્ટ પણ હજુ સુધી આવવાનો બાકી છે. ત્યારે સારવાર દરમિયાન તેનું આજે મોત નિપજતાં મૃતકને અંતિમ વિધિ માટે પાલનપુરના ગોબરીરોડ સ્થિત સ્મશાન ખાતે લઈ જવામાં આવ્યો હતો. જો કે સ્મશાનના દરવાજાને તાળુ મારેલ હોઈ આ બાબતે જવાબદાર લોકોને જાણ કરવા છતાં કોરોનાના ફફડાટ વચ્ચે દરવાજાનું તાળું ખોલવામા ના આવતા આરોગ્ય તેમજ પોલીસ કર્મીઓએ મૃતદેહ સાથે જ દરવાજાની બહાર બે કલાક સુધી રાહ જોવી પડી હતી.

## હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં કરીયાણાની દુકાનનો વેપારી કોરોના પોઝીટીવ

### જિલ્લામાં ૧૧૦ દર્દીઓ કોરોના પોઝીટીવ આવતા સારવાર અપાઇ : ત્રણના મોત : આરોગ્ય તંત્ર સર્વેલન્સની કામગીરી હાથ ધરાઇ

હિંમતનગર, તા. ૩

હિંમતનગર શહેરમાં છાપરીયા વિસ્તારમાં કરીયાણાની દુકાન ધરાવતો એક ૫૮ વર્ષીય વેપારીનો મંગળવારે મોડી રાત્રે કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે. કરીયાણાનો વેપારી સુપર સ્પેડર બનવાનો સક્ષમ હોવાનુ જાણવા મળ્યુ છે ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર શહેરમાં મારૂતિનગર સોસાયટી વિસ્તારમાં રહેતા અને કરીયાણાની દુકાન ધરાવતા એક ૫૮ વર્ષીય પુરૂષના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેનો મંગળવારે મોડી રાત્રે કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા કરીયાણાની દુકાનમાં આવતા ગ્રાહકોની તપાસ પણ હાથ ધરી છે. કોરોના પોઝીટીવ દર્દી સુપર સ્પેડર બનવા સક્ષમ હોવાનુ જાણવા મળી રહ્યુ છે ત્યારે આરોગ્ય કર્મચારી દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીનો આંક ૧૧૦ પહોંચ્યો છે. જયારે ત્રણ દર્દીઓના મોત નિપજયા હતા.

## બનાસ મેડિકલ કોલેજમાં કોરોના પોઝિટીવ સગર્ભા માતાને ઓપરેશન કરી પ્રસૂતિ કરાવી

દેશમાં કોરોનાના સંક્રમણને અટકાવવા લોકડાઉન ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. તેના અમલથી મોટાભાગના



ખાનગી દવાખાનાઓ અને પ્રસૂતિગૃહો બંધ રહેતા હતા તેવા કપરા સમયમાં બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલનો સ્ત્રી રોગ અને પ્રસૂતિ વિભાગ ૨૪ કલાક લોકોની સેવામાં કાર્યરત રહ્યો છે.

બનાસકાંઠાના વડગામ તાલુકાના જૂની પાલડી (ડાલવાણા) ગામની ૩૦ વર્ષની ઉંમરની આઠ માસની સગર્ભાવસ્થામાં એક માતાને તા. ૧૮-૫-૨૦૨૦ના રોજ કોરોના પોઝિટીવ આવ્યો હતો. જેની સારવાર બનાસ મેડિકલ કોલેજના તજજ્ઞોની દેખરેખ હેઠળ ચાલુ હતી. પ્રસૂતિની પીડા થતાં નિષ્ણાંત તબીબો દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. ગઈકાલે સગર્ભા મહિલાને રક્તસ્ત્રાવ થતા સીઝેરીયન ઓપરેશન કરવાની જરૂરિયાત ઉભી થતાં બનાસ મેડિકલ કોલેજની તજજ્ઞ ટીમ દ્વારા સીઝેરીયન ઓપરેશન કરી પ્રસૂતિ કરાવવામાં આવી હતી.

કોરોના મહામારી વચ્ચે કોરોના પોઝિટીવ સગર્ભાને સિઝેરિયન કરી પ્રસૂતિ કરવાનો બનાસકાંઠાનો આ પ્રથમ કેસ હતો. કોવિડ પોઝિટીવ માતાને ઓપરેશનથી પ્રસૂતિ કરાવવાનું વિશેષ જોખમ હોય છે. પરંતુ ડૉ મનિષ મહેશ્વરી, ડૉ. ભાવેશ પ્રજાપતિ અને ડૉ. અજીત શ્રીવાસ્તવના નેતૃત્વમાં મેડિકલ કોલેજની ટીમ દ્વારા માતાનું ઓપરેશન અને નવજાતને સારવાર આપવામાં આવતા આજે બન્ને સ્વસ્થ છે. જન્મ પામેલ શિશુનું વજન ૨.૩ કિ.ગ્રા. છે. માતા અને શિશુ બંનેના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે બનાસ મેડિકલ કોલેજની ટીમ રાઉન્ડ ધ ક્લોક સારવાર આપી રહી છે. કોરોના મહામારી વચ્ચે બનાસવાસીઓ માટે બનાસ મેડિકલ કોલેજ સંજીવની બની છે. અગાઉ પણ અનેક કોરોના પોઝિટીવ મહિલાઓને અહીં પ્રસૂતિ કરાવેલ છે.

## લીલછા ગાયત્રી પરિવાર ધ્વારા યજ્ઞનું આયોજન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામમાં શ્રી ગાયત્રી પરિવાર ધ્વારા યજ્ઞનું આયોજન કરાયું હતું. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન વિશ્વભરમાં સુખ-શાંતિ અને સમૃધ્ધી બની રહે તેવા શુભ આશય સાથે ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અભિયાન અંતર્ગત લીલછા ગામમાં ગ્રામજનોએ ઘર આંગણે ગાયત્રી યજ્ઞ કર્યો હતો. ૪૫ ગાયત્રી પરિવારોએ યજ્ઞનો લાભ લીધો હતો.

## ચિતરીયામાં મનરેગા શ્રમિકોને માસ્કનું વિતરણ

વિજયનગર તાલુકાના ચિતરીયામાં મનરેગા શ્રમિકોને માસ્કનું વિતરણ કરાયું હતું. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન મનરેગા યોજનામાં કામકાજ કરતા શ્રમિકોને કોરોના વાઈરસના સંક્રમણ ન લાગે તેવા મુખ્ય આશયથી માસ્કનું વિતરણ કરાયું હતું. ચિતરીયા ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી સંદિપભાઈ પટેલા, રૂપસિંહભાઈ નિનામાની ઉપસ્થિતીમાં સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરાયું હતું.



## મોડાસા શહેરમાં માસ્ક ન પહેરનાર ૨૮ લોકો દંડાયા



મોડાસા, તા. ૩

કોરોનાને લઈને સમગ્ર રાજ્યમાં માસ્ક પહેરવું ફરજીયાત કરાયું છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માસ્ક ન પહેરનાર ૨૮ લોકો પાસેથી રૂ. ૫૬૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. મોડાસા શહેરમાં ૪૦ લોકો કોરોનામાં સપડાયા છે ત્યારે શહેરીજનો સંક્રમિત ન થાય તે માટે નગરપાલિકાએ માસ્ક ન પહેરનાર વિરુધ્ધ કડક હાથે કાર્યવાહિ હાથ ધરી છે, જેમાં બુધવારના રોજ મોડાસા ચાર રસ્તા, માલપુર રોડ, અને મેઘરજ રોડ ઉપર માસ્ક ન પહેરનાર ૨૮ રાહદારીઓને રૂ. ૨૦૦ મુજબ ૫૬૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો.